**વંચાણે લીધા :–** સંશોધન નિયામકશ્રીનો કા.આ. ક્રમાંક : ન.કૃ.યુ./સં.નિ./ટી–૧/મંજુરી/૬૯૭૦/૨૦૧૯, તા. ૨૬/૦૮/૨૦૧૯

# –:: પરિપત્ર ::–

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ખાતે આવેલ પશુ સંશોધન કેન્દ્રથી ઉત્પન્ન થતા દુધના ભાવો વંચાણમાં લીધેલ પત્રથી મંજુર કરવામાં આવેલ છે. સદર મળેલ મંજુરી મુજબ **તા.૧/૧૦/૧૯ ની અસરથી ભેંસના દુધના ભાવ એક લીટરના રૂા. ૫૦/– અને ગાયના દુધના ભાવ એક લીટરના રૂા. ૩૫/– હાલ પુરતા નકકી કરવામાં આવેલ છે** તો નવા દર મુજબની દુધની કુપનની કિંમત નીચે મુજબ રહેશે.

| અ.નં. | વિગત | ૫૦૦ મી.લી.ની ૩૦ લી. ની કુપન બુક | ૨૦૦ મી.લી.ની ૨૦ લી. ની કુપન બુક |
|---|---|---|---|
| ૧ | ભેંસનું દુધ | ૧૫૦૦/– | ૧૦૦૦/– |
| ૨ | ગાયનું દુધ | ૧૦૫૦/– | ૭૦૦/– |

ઉપરોકત કુપનબુકોનું વેચાણ **તા. ૩૦/૦૯/૧૯ થી દર મંગળવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૧૪:૦૦ થી ૧૬:૦૦ કલાક** દરમ્યાન અત્રેની કચેરી ખાતેથી નિયમીત રીતે કરવામાં આવશે. જેમના પાસે જુની વધેલી કુપનો હોય તેમણે **તા. ૩૦/૦૯/૧૯ થી તા. ૦૫/૧૦/૧૯** દરમ્યાન ૧૦:૩૦ થી ૧૨:૦૦ અને ૧૪:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન **તફાવતના નાણાં ભરી, રીવેલીડેશન** માટેના સહી સીકકા કરાવી જવાના રહેશે. વધુમાં જણાવવાનું કે, નિયત થયેલ તારીખ બાદ રીવેલીડેશન કરી આપવામાં આવશે નહિ. કુપનો લેવા તથા રીવેલીડેશન કરાવવા આવનારે છુટા નાણાં લાવવાના રહેશે. કોઈપણ સંજોગોમાં અન્ય દિવસોમાં કુપનનું વેચાણ કરવામાં આવશે નહી અને કુપન વગર કોઈને પણ દુધ આપવામાં આવશે નહીં જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

વધુમાં **નવા ભાવની કુપનો ખાસ કિસ્સામાં તા. ૨૪/૦૯/૧૯ થી તા. ૦૧/૧૦/૧૯** ના રોજ ૧૦:૩૦ થી ૧૨:૦૦ અને ૧૪:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન વેચાણ કરવામાં આવશે.

**તા. ૧/૧૦/૨૦૧૯ ના સવારથી નવા ભાવ મુજબ જ દુધનું વિતરણ કરવામાં આવશે જેની નોંધ લેશો.**

**નોંધ :–**(૧) કોઈપણ સંજોગોમાં અડધી કુપનનું વેચાણ કરવામાં આવશે નહીં.

(૨) જો કોઈ ગ્રાહક રીવેલીડેશન કર્યા વિનાની કુપનો દ્વારા દુધ લેશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ગ્રાહકની રહેશે અને તેની સામે યોગ્ય પગલા લેવામાં આવશે જેની નોંધ લેશો.

DFA
૯૨૭-૪૨

જા. નં. નકૃયુ/પસંકે/ ૨૧ / /૨૦૧૯

નવસારી. તા. ૨૬ /૦૮/૨૦૧૯

2/8

**સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ હેડ**
**પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી**

**નકલ સવિનય રવાના તેમજ તેમના વિભાગના સર્વ અધિકારી/કર્મચારીઓને જાણ કરવા સારૂ.**

(૧) કુલપતિશ્રીના અંગત મદદનીશ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૨) સંશોધન નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૩) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૪) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
(૫) હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૭) આચાર્યશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૮) આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ– વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૯) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૧૦) આચાર્યશ્રી , એબીએમ કોલેજ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૧૧) ડાયરેકટરશ્રી સ્ટુડન્ટ વેલફેર (DSW), ન.કૃ.યુ., નવસારી
(૧૨) ગ્રંથપાલશ્રી, સેન્ટ્રલ લાયબ્રેરી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૧૩) રેકટરશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૧૪) અત્રેના નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ વિભાગીય વડા તરફ જાણ સારૂ.
(૧૫) નવસારી કૃષિ યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિધ્ધ

Staff/bj parmar/coupan file/milk rate.doc